# જૂનાગઢ જિલ્લાના ખામધ્રોળના ૯૬ વર્ષના કિસાન અને પદ્મશ્રીનો એવોર્ડ મેળવનાર શ્રી વલ્લભભાઇ મારવાણિયાનું કેન્દ્રિય કૃષિ રાજય મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલના હસ્તે શાલ અને સ્મૃતિચિહ્ન આપી સન્માન કરવામાં આવ્યું

આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી, આણંદ કૃષિ યુનિવર્સિટી અને સીએઝેડઆરઆઇ, જોધપુરના સંયુકત ઉપક્રમે યોજાયેલ ભારતીય કૃષિ અનુસંધાન પરિષદની બે દિવસીય પ્રાદેશિક કમિટીની બેઠકનો પ્રારંભ આજે આણંદ કૃષિ યુનિવર્સિટીના બં.અ.મહાવિદ્યાલયના ઓડિટોરિયમ હોલ ખાતે કેન્દ્રિય કૃષિ રાજય મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલાના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં જૂનાગઢ જિલ્લાના ખામધ્રોળ ગામના ૯૬ વર્ષના ખેડૂત શ્રી વલ્લભભાઇ મારવાણિયા કે જેઓને તાજેતરમાં પદ્મશ્રીનો એવોર્ડ પ્રાપ્ત થયો છે તેઓ ખાસ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે પદ્મ શ્રી વલ્લભભાઇ મારવાણિયાનું કેન્દ્રિય કૃષિ મંત્રી શ્રી પરષોત્તમભાઇ રૂપાલના હસ્તે શાલ ઓઢાડી અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

આ સન્માનનો પ્રતિભાવ આપતાં શ્રી વલ્લભભાઇ મારવાણિયાને કહ્યું હતું કે, ૭૭ વર્ષ પહેલાં ૧૯ વર્ષની જૂનાગઢના નવાબી રાજયમાં જયારે ગાજરને પશુ આહાર તરીકે ઓળખવામાં આવતો હતો તયારે લોકો ગાજર ખાતા થાય એ માટે સામા પાણીએ તરીને સંઘર્ષ કરીને ગાજરની ખેતી કરીને જૂનાગઢની બજારમાં ૧૯૪૩માં પશુના આહાર ગાજરની લોકોના આહાર તરીકે વેચીને રૂા.૧૨ની કમાણી કરી હતી તે મારા જીવનનું સૌથી મોટું સન્માન હતું.

ગુજરાતી કૃષિના ઋષિ કહી શકાય તેવા શ્રી વલ્લભભાઇ મારવણિયાએ આખી જિંદગી અવનવા પ્રયોગ કરીને ગાજરની ખેતીને નવી દિશા આપી છે તેમના વિશે થોડી જાણવા જેવી વાત પણ કરી લઇએ.

શ્રી વલ્લભભાઇ સાત દાયકા સુધી ગાજરની ગુણવત્તાયુકત જાત વિકસાવવામાં સફળ થયેલા માત્ર ધો.પ સુધી ભણેલા ગજબરની કોઠાસૂઝ ધરાવે છે.

શ્રી વલ્લભભાઇ આજે ૯૬ વર્ષની વયે પણ યુવાનોને શરમાવે એવી ગજબની સ્ફૂર્તિ ધરાવે છે. તેઓ કહે છે કે આઝાદી પહેલાં મારા પિતાશ્રી રાજકોટ જિલ્લાના ગામેથી જૂનાગઢ ગામમાં વસ્યા હતા અને ટૂંકી ખેતીમાં તેઓ જુવાર વાવતા હતા. જુવાન થતાં હું ખેતીમાં જોડાયો અને મને ત્યારે ગાજર વાવવાનો શોખ હતો. નાના કદના ગાજરનું પોટલુંલઇને હું ૧૯ વર્ષની વયે જૂનાગઢના નવાબની બજારમાં વેચવા ગયો હતો. ત્યારે મારા પિતાશ્રીએ મને કહ્યું હતું કે, આ તો પશુનો આહાર છે અને તું વેચવા નીકળ્યો છે. આ તું છોડી દે. પણ હું એમનું ન માન્યો. અને શાકભાજીની બજારમાં મને રૂપિયા ૧૨ ઉપજયાની મે મારા પિતાશ્રીને વાત કરી ત્યારે તેમની ખુશીનો પાર ન રહ્યો. આ દિવસ આજે પણ મને યાદ છે. તે જમાનામાં સોનું પણ રૂા.૧૦ના ભાવે હતું તેનો તેમને ઉલ્લેખ કરતાં કહ્યું કે, સોના કરતાં પણ વધારે ભાવ મળ્યો હતો તે મારા જીવનનું સૌથી મોટું સન્માન છે.

ત્યારબાદ મેં ગાજરને વધુ સારી કવોલિટી કરવા માટે ખૂબ જ મહેનત શરૂ કરી હતી. આજે પણ હું ખેતરમાં આંટો મારવા જાઉં છું એટલે કે હું કયારે નિવૃત્ત થવાનો નથી તેમ કહ્યું હતું.

શ્રી વલ્લભભાઇએ તેમના ખેતરમાં મધુવન ગાજરની પ્રજાતિ વિકસાવી છે તે જાતિ કઇ રીતે વિકસાવી તે અંગે તેઓ કહે છે કે, મારા ૧૦ વીઘાના ખેતરમાં મેં જોયું કે, ગાજર કડક જમીનમાં મોટા થતા નથી અને તેની સાઈઝ નાની રહે છે જેથી જમીનનું ખોદાણ કરી નાંખ્યું અને પોલાણયુકત જમીનમાં ગાજરનું વાવેતર કરતા ગાજરની લંબાઇમાં વધારો થયો અને અન્ય જાત કરતં સ્વાદમાં વધારે પૌષ્ટિક બનાવવા માટે અખતરાઓ શરૂ કર્યા જેમાં સફળતા મળી. તેમના ગાજરમાં કેરોટીન ૨૭૭.૭૫ અને આયરનની માત્રા ૨૭૬ મિલિગ્રામ છે જયારે લંબાઇ ૧૫ ઇંચ સુધીજાય છે. અને વિઘે ૪૦૦ મણથી વધારે ઉત્પાદન થાય છે.

તેમને કહ્યું કે, ગાજરના છોડના ફૂલ પર સૌથી વધુ મખમાખી બેસતી હોઇ તેમણે નેમની ગાજરની જાતનું નામ મધુવન પાડયું છે.

શ્રી વલ્લભભાઇએ કહ્યું કે, મેં શરૂ કરેલી ગાજરની ખેતી અત્યારે મારો પુત્ર અરવિંદભાઇ સંભાળે છે. આજે પુત્રના પ્રયાસોથી ગુજરાતમાંજ નહીં પણ અન્ય રાજયોમાં અને વિદેશમાં પણ તેમના ગાજરનું બિયારણ વેચાય છે.

શ્રી વલ્લભભાઇ મારવાણિયાને આ અગાઉ ગાજરની ખેતીમાં નવું સંશોધન બદલ સૃષ્ટિ એવોર્ડઅને રાષ્ટ્રપતિના હસ્તે નેશનલ ઇનોવેશન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.




ANAND
RAJASTHAN
GUJARAT



| | |
|---|---|
| |  |

-----------------------